| Class: XII<br>Gujarati<br>Sample Question Paper<br>Answer Key.2022-23 |
|---|

**Code No. 110**

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં<br>➢ આવ્યું છે. | **The question paper is divided in two parts.** |
| ➢ વિભાગ (અ) વસ્તુનિષ્ઠ (MCQ) પ્રશ્નો તેમજ ટૂંકાપ્રશ્નો પુછવામાં આવ્યા છે. | ➢ **Part A: objective type questions. (MCQ) and very short question.** |
| દરેક ઉત્તર માટે 1 અંક નિર્ધારિત છે.<br>➢ (અ) વિભાગ કુલ 40 ગુણનો હશે. | **Each carries 1 mark.<br>Total - 40 marks.** |
| ➢ વિભાગ (બ) વર્ણનાત્મક પ્રશ્નો<br>લેખન કાર્યમાં આવતા પત્રલેખનના પ્રશ્નમાં જો પ્રેષકનું નામ આપવામાં આવ્યું ન હોય તો જવાબમાં પત્ર લખતી વખતે વિધાર્થીએ પોતાનું નામ સરનામું કે પોતાની અને કોઇપણ શહેરની આગવી ઓળખ આપવી નહિ. જો પ્રશ્ન પત્રમાં પ્રેષક અને પ્રતિનું નામ જણાવ્યું હોય તો જ તેનો ઉલ્લેખ પત્રલેખન કરવો.<br>➢ કુલ 40 ગુણનો હશે. | **Part B: Subjective Descriptive questions.**<br>➢ **Do not mention your identity or the place you reside in the answer to this letter writing question. In case name or address is mentioned in the question, you will have to use the same in your answer.**<br>**Total - 40 marks.** |
| આપેલી સૂચના પ્રમાણે આ વિભાગમાં પ્રશ્નોત્તર લખવાના રહેશે. | **As per the instructions given the questions and answers of this section have to be written.** |
| ➢ **પૂર્ણ પ્રશ્ન પત્ર – ૮૦ ગુણ** | **Question paper- 80 Marks.** |
| ➢ પ્રશ્નપત્રમાં ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અવશ્ય લખવો. | **Please write down the serial number of the question before attempting it.** |

# ગુજરાતી
## ધોરણ-XII (110)

**સમય – 3 કલાક** **કુલ ગુણ :૮૦**
**Time: 3 Hrs.** **M.M. :80**

## PART A (40)

### (Advanced Reading Skill)

**પ્રશ્ન-1. નીચેનો ગધખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (5x1=5)**

પ્રારબ્ધ અને પુરુષાર્થ જેમ એકબીજાના અભિન્ન અંગ છે તેમ સફળતા અને નિષ્ફળતા પણ અભિન્ન જ છે. પ્રારબ્ધ કરતાં પુરુષાર્થ ચડિયાતો સિધ્ધ થયો છે તેના મૂળમાં જો ડોકિયું કરીશું તો તરત સત્ય ઉજાગર થશે જ. કોઈપણ સત્યની શોધ પરિશ્રમ વિના અશક્ય છે પણ દરેક પરિશ્રમનું ફળ સફળતા જ ન હોય શકે. અનેક ભાષાવિદો, વૈજ્ઞાનિકો, ખગોળશાસ્ત્રીઓ, ઇતિહાસકારો અને મહાન હસ્તીઓના અભિપ્રાયો, તારણો, મંતવ્યો, આદર્શો, તેમની સહજતા, સજાગતા, સૂક્ષ્મ નિરીક્ષણ ક્ષમતા સત્યની શોધ અને સફળતાનો માર્ગ આપોઆપ પ્રશિસ્ત કરે છે. આપણે આપણા

જીવનને કઈ અને કેવી દિશા આપવી તેનો સાચો બોધ મળે છે. સફળતાને પચાવવી અને નિષ્ફળતાને જીરવવાની ચાવી તેમાં જ છુપાયેલી છે માત્ર પારખવાની દૃષ્ટિ જ કેળવવાની જરૂર છે. સમય અને સંજોગો તો બદલાતા જ રહેશે અપણે તેને અનુકૂળ બનવું પડશે, તેના વહેણમાં વહેવું પણ પડશે એટલું નિશ્ચિત કે આપણું લક્ષ્ય કદી ન બદલવું. મનની મક્કમતાથી, દઢતાથી, ખંત અને સંનિષ્ઠ પ્રયાસથી તેને વળગી રહો તમે અવશ્ય સફળ થશો જ. જીવનને અનુકરણનીય અને ઉમદા ઉદાહરણ બનાવો સફળતાને તમારું દ્વાર ખટખટાવવું જ રહ્યું. તમારા લક્ષ્યને એકદમ મક્કમતાથી વળગી રહો, કોઈની તાકાત નથી કે સામાપૂરે આગળ વધતી તમારી નૌકાનો સામનો પણ કરી શકે. પ્રારબ્ધરૂપી આંબામાં પુરુષાર્થરૂપી અમૃતફળ અવશ્ય મળશે જ.

**પ્રશ્નો –**

I. માનવજીવનના અભિન્ન અંગ કયા કયા છે?

જવાબ) પ્રારબ્ધ અને પુરુષાર્થ અને સફળતા અને નિષ્ફળતા માનવજીવનના અભિન્ન અંગો છે.

II.પુરુષાર્થના વિજયમાં કયું સત્ય ઉજાગર થાય છે?

જવાબ) સત્યની શોધ પરિશ્રમ વિના અશક્ય છે એ પુરુષાર્થના વિજયમાં સત્ય ઉજાગર થાય છે.

III) સત્યની શોધ અને સફળતાનો માર્ગ કયા ગુણોથી પ્રશિસ્ત થાય છે?

જવાબ) સત્યની શોધ અને સફળતાનો માર્ગ અભિપ્રાયો, તારણો, મંતવ્યો, આદર્શો, સહજતા, સજાગતા, સૂક્ષ્મ નિરીક્ષણ ક્ષમતા ગુણોથી પ્રશિસ્ત થાય છે

IV. સફળતા આપણું દ્વાર ક્યારે ખટખટાવે છે?

જવાબ) જીવનને અનુકરણનીય અને ઉમદા ઉદાહરણ બનાવવાથી સફળતા આપણું દ્વાર ખટખટાવે છે.

V. લક્ષ્યને મક્કમતાથી વળગી રહેવાથી શું પ્રાપ્ત થશે?

જવાબ) લક્ષ્યને મક્કમતાથી વળગી રહેવાથી પ્રારબ્ધરૂપી આંબામાં પુરુષાર્થરૂપી અમૃતફળ મળશે.

**પ્રશ્ન-2 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો. (5x1=5)**

મને જો પૃથ્વીની હકૂમત મળે એક ક્ષણ તો
પહેલાં તો કાઢું વટહુકમ કે આ જ ક્ષણથી
પ્રજા મારી પંખી, મનુજ, પશુ ને કિટગણો
બધાને જીવ્યાનો જ હક, હણવાનો હક નથી.
દ્રુમોની ડાળી ને નીડ, નગર-આવાસ ભીડમાં
વનોની ઝાડી કે ગિરિકુહરમાં, ભૂમિ ભીતરે
જહીં આબાદી ત્યાં સહુય મળી મેળા રચી રહો
પ્રજા મારીને ના ફિકર ફરિયાદો કશીય હો.

હું પૃથ્વીનો રાજા, અવર ગ્રહશું વિગ્રહ નહીં
કરારો મૈત્રીના કરું; અગર હો આક્રમણ તો
પ્રીતિનું, જેમાં ન જીતવું પણ જિતાઈ જ જવું.
સ્વ-તંત્રે વ્યક્તિના રહું વિરચી હું શાસન નવું
પ્રજાને એવા તો સ્વનિયમનમાં બાંધી લઉં કે
પછી ના રાજા કે હકૂમતની એને જરૂર રહે!

-ઉમાશંકર જોશી

**પ્રશ્નો –**

I.કવિ પ્રથમ કેવો વટહુકમ કાઢવા માંગે છે ?

B. જીવ્યાનો હક, હણવાનો નહીં

II. કવિના વટહુકમની કેવી અસર થશે?

A. હળીમળીને, શાંતિથી અને આનંદથી રહેશે

III. કવિ કેવા કરારો અને આક્રમણ કરવા માંગે છે?

D. મૈત્રીના કરારો અને આક્રમણ પ્રીતિનું

IV. કવિ પ્રજાને શામાં બાંધી લેવાનું કહે છે?

B.સ્વનિયમનમાં

V. કવિના મતે સ્વનિયમનનું શું પરિણામ આવશે?

D. રાજા કે હકૂમતની જરૂર નહીં રહે

## Literature

**પ્રશ્ન-3. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

I. જગતનો વૈભવ મિથ્યા જાણીને, ટાળી દેવો દુર્જનનો રાગ' આ પંક્તિ કયા કાવ્યની છે?

B. ક્રોધી સ્વભાવને

II.''કન્યાઓને વિદ્યા અપાતા પહેલાં જ સંસારમાં પરોવવી એ શાસ્ત્ર તારા દષ્ટાંતથી વધારે સમજાશે." - આ ઉક્તિ કોણ, કોને કહે છે?

B. સુંદર - કુસુમને

III. પ્રભુલાલ દ્વિવેદીનું કયું કાવ્ય તમારા પાઠ્યપુસ્તકમાં છે?

D. એકસરખા દિવસ

IV. 'કાર્ડિનલ મેનિંગ અને જોન્સ બન્સના પ્રયત્નોથી ગોદીના મજૂરોની હડતાળ બંધ થઈ?' આ વાક્ય કઈ કૃતિમાંથી લેવાયું છે?

A. નારાયણ હેમચંદ્ર

V. 'પૂંજા મેજરની લગની' પાઠના લેખકનું નામ જણાવો.

C. જોસેફ મેકવાન

VI. વતનનો તલસાટ' કાવ્યનો પ્રકાર જણાવો.

D. સોનેટ

**પ્રશ્ન-4. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **(5x1=5)**

મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,
જીવતર આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસુંબા ઘોળે !
તરતાં ન આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોય
થોડાં મૃગજળ ચળકે છે મઝધાર.
ટીપેથી પાય તો ધારાઉ, સાવ તરસ્યો હું
રહી ગયો છલકાતી છોળે.
સૂની બપોરની આ એકલતા એકલતા
એકલતા બોલી અકળાવો,
ઊગતી સવારના આ ડહોળાતા રંગમાં
જો થોડી સાંજ ઘૂંટી લાવો.
કોઇએ ના હોઠે અડકાડયું હોય એ અમરતને
કોણ હવે આકાશે ઢોળે?

**પ્રશ્નો :**

I. કવિ મેળો અને એકલતા વિશે શું કહે છે?

જવાબ -1. કવિને આ જગતમાં રહીને એવો અનુભવ થયો છે કે દિલદાર માનવીનો સંગાથ થાય તો માનવતાની મહેક ફેલાવી શકાય. ટોળાની વચ્ચે પણ એકલા રહેવાની શક્તિ મળે તો જીવનમાં હંમેશાં આનંદમાં જ રહી શકાય.

II. કવિ કેવું જીવન ઇચ્છે છે?

જવાબ -2. કોઇપણ પરિસ્થિતિમાં હંમેશાં આનંદમાં રહે એવું જીવન કવિને જોઇએ છે.

III. મૃગજળ ક્યાં ચળકે છે?

જવાબ -3. પ્રવાહની મધ્યે એટલે કે જીવનના મધ્યકાળમાં કવિને મૃગજળનો ભાસ થાય છે.

IV. કવિ ક્યાં તરસ્યા રહી ગયા છે?

જવાબ – 4. સુખોના છલકાતા સાગરની વચ્ચે તેઓ સાવ જ તરસ્યા છે. માટે પ્રભુ થોડું આપે તોય સંતોષ પામે.

V. ઊગતી સવારના ડહોળાતા રંગમાં કવિને શું જોઈએ છે?

જવાબ -5. જીવનના ઊગતા પ્રભાતના ડહોળાતા રંગમાં જો થોડી સાંજનો સોનેરી રંગ કોઇ ઘોળી લાવે તો જીવન ધન્ય થઈ જાય.

**પ્રશ્ન-5 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (5x1=5)**

એડ્રિયાટિક સમુદ્રના 114 ટાપુઓમાં વસેલું વેનિસ નગર અત્યંત મોહક છે. વાહનવ્યવહાર તરીકે ગંડોલા મુખ્ય છે. ગંડોલાના નવિકો અંતરને ઓગાળી દે એવું સંગીત વહાવે છે, જાણે વૃંદાવનમાં વાગતી વેણુનો નાદ. રાત્રે વિવિધ રંગોની લાઇટના પ્રકાશનું પ્રતિબિંબ ગ્રાન્ડ કેનાલને મુગ્ધ અને નયનરમ્ય બનાવે છે. વેનિસની કેડે શોભતી ઘુઘરિયાળા કંદોરા સમી આ કેનાલ રાત્રે સાતસરા હારની જેમ શોભી ઊઠે છે. તેની આ શોભા સાથે રેલાતા સંગીતના સૂરો ઇંદ્રલોકની યાદ અપાવે છે. પ્રભાતના સુવર્ણકિરણોથી વેનિસ સુવર્ણનગરી જેવી ઝળહળી ઊઠે છે. સમુદ્ર પર રેલતો સૂર્યપ્રકાશ, નાનામોટા મોજાઓ પરથી સરકતી હોડીઓ અને હવાની ગુલાબી તાજગી આંતરમનને તરોતાજા બનાવે છે. ગાઢ વૃક્ષો પર પડતા સૂર્યપ્રકાશની રોશની સુવર્ણરજ જેવી લાગે છે. આમ, સમુદ્ર પરની આહ્લાદક અને સ્ફૂર્તિદાયક સફર માર્કોપોલોનું સ્મરણ કરાવે છે. વેનિસ શહેર તેની ભૌગોલિક સીમા જલમાર્ગો અને સૌંદર્યમાં અનુપમ છે. તેની સાથે સાથે તેના સ્થાપત્યકલાના અત્યંત સુંદર અને અદ્દભુત નમૂનાથી ભરપૂર છે. એક જુઓ અને એક ભૂલો, એટલે જ રસ્કિન જેવા સ્થાપત્યકલાના નિષ્ણાતે ત્યાં વર્ષો ગાળી વેનિસની આ કળા પર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે. જગતને ભૂલી ગયો હોય તેમ રસ્કિને વર્ષો વેનિસની સ્થાપત્યકલા પાછળ ગળેલા.

**પ્રશ્નો:**

I. વેનિસની મોહકતા શેમાં છે?

જવાબ. એડ્રિયાટિક સમુદ્રના 114 ટાપુઓમાં વસેલું હોવાને કારણે વેનિસ નગર અત્યંત મોહક છે.

II. ગંડોલા શું છે?

જવાબ.  ગંડોલા એટલે સાંકળી પણ સુંદર ઘાટની કલામય હોડીઓ.

III. રાત્રે ગ્રાન્ડ કેનાલ કેવી રીતે શોભે છે?

જવાબ. વેનિસની કેડે શોભતી ઘુઘરિયાળા કંદોરા સમી આ કેનાલ રાત્રે સાતસરા હારની જેમ શોભી ઊઠે છે.

IV. પ્રભાતના સુવર્ણકિરણોની વેનિસ પર શી અસર થાય છે?

જવાબ. પ્રભાતના સુવર્ણકિરણોથી વેનિસ સુવર્ણનગરી જેવી ઝળહળી ઊઠે છે.

V. રસ્કિન વેનિસમાં શા માટે વર્ષો સુધી રહ્યો?

જવાબ. સ્થાપત્યકલાના નિષ્ણાંત રસ્કિને ત્યાં વર્ષો ગાળી વેનિસની આ કળા પર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે.

## Applied grammar

**પ્રશ્ન-6. સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ) (5x1=5)**

I. નીચેનામાંથી 'કનડગત કરવી' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

C. હેરાન-પરેશાન કરવું

II. નીચેનામાંથી 'નિશ્ચય પાર પાડવો' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

B. લક્ષ્ય સિધ્ધ કરવું

III. નીચેનામાંથી 'દિલમાં મેલ રાખવો' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

C. મનમાં કપટ રાખવું

IV. નીચેનામાંથી 'પેટનું પાણી ન હાલવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

B. નિશ્ચિંત હોવું

V. નીચેનામાંથી રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે?

C. કાને વાત પહોંચવી - વાતની જાણ થવી

VI. નીચેનામાંથી રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી?

B. તાગડધિન્ના – મોજમજા ન કરવી

**પ્રશ્ન-7. સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ચાર) (4x1=4)**

I. નીચે આપેલ વાક્યોમાંથી સંયોજક ધરાવતું વાક્ય શોધો.

A. ભારત લોકશાહી દેશ છે એટલે લોકો સુખ-શાંતિથી રહે છે.

II. નીચેના વાક્ય માટે વિકલપોમાંથી યોગ્ય સંયોજક શોધો.

પરિશ્રમીને નિરાશ થવાનો વખત આવતો નથી. તે પારકી આશા રાખતો નથી.

A. કારણ કે

III. ભાષાની સાથે મમ્મીની સાડી, પપ્પાની ભાષા ___ઉપનિષદની પ્રાર્થના જશે. (યોગ્ય સંયોજક જણાવો)

B. અને

IV. 'તું તારા ગામ પાછી જઇ લોકો માટે કશુંક કરીશ તો આ જનમારો લેખે લાગશે.' - (સંયોજક જણાવો)

D. B અને C

V. ભૂખ્યો સિંહ જેમ ઘાસ ન ખાય તેમ એ બેઉ બેકાર બેસી રહેતા પણ અનાજની ગૂણો ભરીને ગાડીતું કરતા નહિ. (વાક્યમાંથી સંયોજકો શોધો.)

D. A.અને B બંને

**પ્રશ્ન-8. સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (3x1=3)**

I. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષા શુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

B. મેં તાળું કે ચાવી લીધા નથી.

II.નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

D. કોણે કીધું કે તેઓ આજે આવશે?

III.નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

A. દરિયાએ મને સ્વપ્ન આપ્યું કે મેટ્રિક પાસ કરી અમેરિકા ભણવા ચાલ્યો જા.

IV.નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

D. ઉમાશંકર જોશીના કાવ્યોએ પદ્ય-સાહિત્યને સમૃદ્ધ કર્યું.

**પ્રશ્ન-9. નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ત્રણ)** **(3x1=3)**

I. નીચેના વાક્યોમાંથી સાદા ભવિષ્યકાળનું વાક્ય શોધો.

B. આપણા ભાઈબંધ સ્નેહીને બોલાવી કાલે કાપણી કરીશું.

II. નીચેના વાક્યોમાંથી પૂર્ણભૂતકાળનું વાક્ય શોધો.

C. વિક્રમાદિત્યએ કહ્યું, 'અમારા સામ્રાજ્યને પણ એવી સીમા હતી.'

III. નીચેના વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય લખો.

A. મહેશ અને સ્મિતા શાળાએ ગયાં છે.

IV. નીચેના વાક્યોમાંથી સાદા ભૂતકાળનું વાક્ય શોધો.

B. સમષ્ટિએ સત્યને મુસીબતના વખતમાં સગી બહેનની જેમ મદદ કરી.

## PART B (વર્ણનાત્મક પ્રશ્નો)

### Literature

**પ્રશ્ન-10. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ બે)** **(2x2=4)**

I. જીવનનો સાર શેમાં સમાયેલો છે?

ઉત્તર: કવિ મનુષ્યને બોધ આપે છે કે કદી નસીબને ભરોસે રહેવું નહીં નસીબ જો સાથ ન આપે તો રાજા પણ પળવારમાં રંક બની જાય છે. ધન, જન, સંપત્તિ કે સાહ્યબી સાથે આવતી નથી. ઈશ્વરના દરબારમાં ખાલી હાથે જ જવાનું છે માટે કવિ સજ્જનને અભિમાન ત્યજવાનું અને દુષ્કર્મોથી ડરવાનું કહે છે. મોતથી ડરવું નહિ. મોત એક જ વાર આવવાનું છે. આપણું ધાર્યું કંઈ થતું નથી, ઈશ્વરનું જ ધાર્યું થાય છે, મુશ્કેલીમાં રહેલા માણસને કદી હેરાન ન કરવો, દાઝ્યા પર ડામ દેવાનું કામ તો દુર્જનનું છે આપણું નહીં.

**(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫)**

II. કવિના પ્રાણ શાથી અધીર બન્યા છે?

ઉત્તર: કવિને વતનવિરહનો કારમો ઘા હૈયે લાગ્યો છે. તેની વેદના દેહને નહિ પણ આત્માને વિહ્વળ બનાવે છે, તેથી જન્મભૂમિ જવા માટે તેમનો પ્રાણ પછાડા નાંખે છે. મા વછોયું બાળક અને ધણ વછોયું પશુ જેવો તલખાટ અનુભવે લગભગ તેવો જ તલખાટ કવિ પણ અનુભવે છે. જીરવી જીરવાય નહિ, કોઇને કહેવાય, જરાપણ સહેવાય નહિ એવી વેદનાથી કવિ વ્યગ્ર બન્યા છે. ખુદની ત્વચા જાણે પોતાની જાત વડે ઉતરડાતી હોય તેવી વેદના તેમના તન-મનને બાળી રહી છે. જન્મભૂમિમાં ભેરુ, ભગિની વગેરે બધા મળશે પણ કાલગંગામાં વિલીન થયેલી મા નહિ મળે એ માટે કવિ અધીર બન્યા છે.

**(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫)**

III. શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે?

ઉત્તર: શબરી રામદર્શનની ભૂખી હતી.પ્રભુ શ્રીરામે શબરીના એંઠા બોર આરોગીને એની પ્રભુદર્શનની ઝંખના પૂર્ણ કરી, એમ મારી પણ ઇચ્છા પૂરી કરો. હે ! પ્રભુ મારે સંસારરૂપી સાગરને કિનારે બંધાવું નથી પણ સમુદ્રના મોજાની સેર કરવી છે. એટલે કે પરમતત્વને પામવું છે.

**(વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫)**

**પ્રશ્ન-11. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ એક) (1x3=3)**

I. ગંગાસતી માનવસ્વભાવના કયા કયા દુર્ગુણો જણાવી તેને દૂર કરવાના ઉપાયો સૂચવે છે?

ઉત્તર: ગુજરાતી સાહિત્ય જગતમાં સંતકવયિત્રી તરીકેની પ્રસિદ્ધિ મેળવનાર ગંગાસતીના પ્રચલિત ભજન - પ્રસ્તુત ભજનમાં ખૂબ જ સરળ શબ્દોમાં ક્રોધ પર વિજય મેળવવાના માર્ગો - આપણા ભારતીય ધર્મશાસ્ત્રોમાં જેને ષડ્રિપુ - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. આ છ મહાશત્રુ પર વિજય મેળવવો ખૂબ કપરો - ગંગાસતી પાનબાઇને કહે છે કે જેમણે અધ્યાત્મના માર્ગે પ્રયાણ કરવું હોય તેને ક્રોધ પર વિજય મેળવવો - ક્રોધ જ સર્વ દુઃખોનું કારણ – માનવીએ ક્રોધ પર વિજય મેળવવા સર્વ સાથે સમાનભાવે વર્તવું - સંસારની આસક્તિનો ત્યાગ કરવો - હૃદયની નિર્મળતાથી મનમાં રહેલા વિરોધને ટાળવો - મનને પવિત્ર અને વૈરાગી રાખીને કામ પર વિજય મેળવવો -જગતના વૈભવને મિથ્યા જાણીને દુર્જનનો સંગ પણ ટાળવો પદમાં ક્રોધના કારણોની સાથે તેના નિવારણના ઉપાયો પણ બતાવાયા.

**(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)**

II. વડલો પંખીઓને શું કહે છે? પંખીઓ તેનો શો પ્રત્યુત્તર આપે છે?

ઉત્તર: ચારણ કવિ દુલા ભાયા કાગ રચિત 'વડલો ને પંખીડા' પદમાં પરસ્પર થતી આપ-લેમાંથી સ્નેહ સંબંધ બંધાય - આ સ્નેહબંધનની ગાંઠ લાંબા સમયે એટલી મજબૂત - એક બીજા વિના જીવન અશક્ય લાગે - જંગલમાં આગ લાગી ત્યારે વડલો પંખીઓને જૂના માળા છોડીને ઊડી જવા વિનંતી - 'આગની જ્વાળાઓ આકાશ સુધી પહોંચી - થોડા જ સમયમાં આ તરફ આવી જશે - અમને ભરખી જશે - રૂડાં અને રસવાળા ફળની જેમ તમારા મીઠાં ટહુકા અમારા હૃદયમાં વસ્યા - કોઈ દિન અમારી રાખ પર આવીને ટહુકી જજો - પ્રેમી પંખીડાં હવે આપણે આ જંગલમાં ફરીથી નહીં મળીએ આપણી વચ્ચે મોતનો પડદો પડ્યો - હવે બચવાનો કોઈ ઉપાય નથી.' પંખીઓ પ્રત્યુત્તર - તારે આશરે અમે માળા બાંધ્યા, ઇંડા ઉછેર્યા. તારાં મીઠાં ફળ ખાધાં. મરવાના સમયે જો અમે સાથ છોડી દઈએ તો અમને કલંક જ લાગે - હવે તો આપણે સાથે મરશું, સાથે જન્મ લઇશું અને તારી ડાળી પર અમે ફરીથી માળો બાંધીશું. જો મોત આવશે તો આપણે સાથે જ ઉચાળા ભરીશું - પાંખો હોવાં છતાં પંખીઓ વડલાને ત્યજીને જવાને બદલે તેમની સાથે જ મરવાનું પસંદ કરે છે.

**(વિષયવસ્તુ - ૨, જોડણી, ભાષાશુદ્ધિ- ૧)**

III.'ગ્રામ અને નગર સંસ્કૃતિનો ભેદ 'બેટા, મને પછી જવા દે'ના સંદર્ભમાં સમજાવો.

ઉત્તર: પ્રાચીનકાળથી જ ગ્રામ્યસંસ્કૃતિ અને શહેરીસંસ્કૃતિ રહેણીકરણી, પહેરવેશ, ખાણીપીણીમાં એકબીજાથી ભિન્ન છે. પલટાતી સંસ્કૃતિ અને બદલાતી જીવનશૈલીનું કાવ્યમાં પ્રતિબિંબ - મા પોતાના

સંતાનોના સુખમાં સુખી અને દુઃખમાં દુઃખી - પોતાની જાતને શહેરી જીવનમાં ગોઠવી શકતી નથી. ગામડામાં કોઈ મહેમાન ઘેર આવે ત્યારે તેનું સ્વાગત કરવા આંગણામાં રંગોળી - કોઇપણ ઘરમાં વાસી ખોરાક ખવાતો નથી - સ્ત્રીઓ અને પુરુષો પોતાની મર્યાદા સાચવીને રહે - ઘરના બારીબારણાં હવા ઉજાસ માટે ખુલ્લા રહે - રોજ રસોઈ બનાવાય - પંખીઓ, વરસાદ, સૂર્ય, હવાના સૂસવાટા વગેરે કુદરતી તત્વોને મન ભરીને માણે - શહેરમાં મુખ્યદ્વાર હંમેશાં બંધ જ હોય - લોકો ફ્રીજમાં સંઘરાયેલું વાસી અન્ન ખાય - પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણને કારણે મર્યાદાભંગ - માત્ર રવિવારે જ રસોઈ - પંખા, વોશિંગમશીન વગેરે કૃત્રિમ સાધનોને કારણે જીવન યંત્રવત - સાથે સાથે મનુષ્ય પણ યંત્રવત - લાગણીના સંબંધો અને સામાજિક બંધનો રહ્યા

**(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુધ્ધિ-૧)**

**પ્રશ્ન-12. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (3x3=9)**

I.'થીગડું' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

ઉત્તર: સુરેશ જોશી લિખિત 'બીજી થોડીક' વાર્તાસંગ્રહમાંથી લેવાયેલી આ વાર્તામાં પ્રભાશંકરના સંઘર્ષમય જીવનનું વર્ણન કરતાં માનવજીવનના સનાતન સત્ય 'વસ્ત્ર હોય કે જીવન તેની જીર્ણતાને નિવારી શકાતી નથી.' તેને થીંગડું મારવાના પ્રયત્નો વ્યર્થ - આ રહસ્યને અહીં સ્પષ્ટ - વાર્તામાં થીંગડું મારવાની વાત લેખકે જુદા જુદા ચાર સંદર્ભમાં - પ્રથમ સંદર્ભ પ્રભાશંકરના ફાટેલા કોટને થીગડું મારવા જેવી સામાન્ય હકીકતને લેખકે અહીં ખાસ હેતુસર પ્રયોજી - બીજા સંદર્ભમાં પારવતીએ પ્રભાશંકર સાથે લગ્ન કરતી વખતે 'તમે કહેશો એટલા થીંગડાં મારી આપીશ.' - ઓછી આવક ધરાવતા પ્રભાશંકરના જીવનમાં કરકસરના થીંગડાં મારવાની વાત -ત્રીજા સંદર્ભમાં સિધ્ધપુરુષના કહેવા પ્રમાણે રાજારાણીના મનમાં ચિરાયું વિશે ખરાબ વિચાર આવ્યો કે તરત જ ચિરાયુના ચમત્કારિક વસ્ત્રમાં કાણું પડ્યું - અહીં વસ્ત્રને થીંગડું મારવાની વાત - ચોથા સંદર્ભમાં પત્ની વિનાના પ્રભાશંકરનું શેષ જીવન પણ એક થીંગડું - વાર્તાનું શીર્ષક થીંગડું, જે પ્રભાશંકર અને ચિરાયુની જિંદગીને લાગુ પડે - ચારેય સંદર્ભોમાં 'થીંગડું' શીર્ષક સચોટ પ્રતીક બની રહ્યું છે. એ શીર્ષક આ શીર્ષક યોગ્ય જ છે.

**(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુધ્ધિ-૧)**

II. અખો શા માટે સંસારત્યાગ કરે છે? એની મન:સ્થિતિ જણાવો.

ઉત્તર: આપણા સુપ્રસિધ્ધ મધ્યકાલીન જ્ઞાની કવિ અખાના જીવન વિશે પ્રચલિત દંતકથા- ચંદ્રવદન મહેતાએ 'અખાનો સંસારત્યાગ' ચરિત્રનાટક લખ્યું - અખાના જીવનના વળાંકરૂપ સંસારત્યાગના પ્રસંગને આબેહૂબ આલેખ્યો છે. એમાં અખાના ઉદાત્ત વ્યક્તિત્વને સુપેરે ચિત્રિત -અખા જેવા સજ્જન વ્યક્તિને સમાજની રૂઢિગત ઢબ - મુસીબતો અને અપમાન સામનો કરવો - અખાના પાડોશમાં રહેતા જમાનાબેન જેમને અખો ધર્મભગિની - ભાઈ તરીકેની બધી જ જવાબદારી નિભાવતો - જમનાબેન - સગોભાઈ માનતી - આ સબંધો સમાજને માન્ય ન હતા - અખા વિરુધ્ધ જમાનાબેનને ઉશ્કેર્યાં - અખા પાસે જમા કરેલા રૂપિયા કઢાવવા કંઠી પહેરવાનું કહીને કંઠી બનવડાવી - અવિશ્વાસને કારણે ચોક્સી પાસે તેની ખરાઇ - આ વાતની જાણ થતાં અખાને જગતની માયાની સચ્ચાઇ સમજાઇ- પાખંડથી ભરેલી આ દુનિયા - તે ભરમાઈ જાય છે. માટીના માળખામાં આટલો બધો

પ્રપંચ - માનવમાત્રને માયાના બંધન - મારી બેન જેવી બેનને પણ મારા પર વિશ્વાસ નથી - પાંચ-પાંચ વર્ષ આટલી નિમકહલાલ સેવા બજાવી તોય સૂબેદારના મનમાં અવિશ્વાસ - માનવજીવન કેટલું સડેલું છે? માયાના આવરણ કેવા લાલ-પીળાં રંગ - માયા જુદા જુદા વેશ, ચિત્રવિચિત્ર પ્રપંચ લીલા વગેરે દ્વારા એ માણસને મર્કટની જેમ નચાવે - સોનું ઘડ્યું ત્યારે આળ આવ્યું ને હવે મારે સોનીનો ધંધો જ નથી કરવો - આ સંસાર અસાર - આમ, અખાને સંસાર પર વિરક્તિ આવી.

**(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ-૧)**

III. 'મોરનાં ઇંડાં' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

ઉત્તર: ગુજરાતી સાહિત્યમાં પત્રકાર, નવલકથા અને ટૂંકીવાર્તા ક્ષેત્રે ખ્યાતિ મેળવનાર ઈશ્વર પેટલીકરે પ્રસ્તુત વાર્તામાં 'માતપિતાના સંસ્કારો સંતાનોમાં આપોઆપ આવે કેળવવા પડતાં નથી' એ યથાર્થ રીતે રજૂ કર્યું - ખંભાતના કિલાચંદશેઠની દીકરી કબુ સારા દિવસો લઈને મુંબઈથી આણંદ આવી-સહીસલામત ખંભાત લઈ જવા માટે બે ગાડીવાન અને મુનીમ સ્ટેશને આવ્યા - કબુ પાસે ઘણું જોખમ હતું. તેથી મુનીમજીએ મહીજીના દીકરાને વળાવિયા તરીકે લઈ જવાનું નક્કી - પુત્રની કસોટી કરતો મહીજી અને પોતાની ફરજ બજાવતા પિતા પર ઘા કરતો પુત્ર બુધો- ખરેખર જીવંત પાત્ર - પુત્રનો ઘા ઝીલીને પણ તેની નીડરતા, શૂરવીરતા અને સ્વધર્મપાલનના ગુણોની પિતા પ્રશંસા - અહીં પિતાની પુત્ર માટેની ખુમારી અને ગર્વની લાગણી સાથે જીવનમૂલ્યની ઓળખ - વાર્તામાં પુત્રના પરાક્રમથી હરખઘેલી બનેલી મા, ડરપોક મુનીમ, ગભરુ કબુ, નીડર તથા સ્વમાની વજેસંગ અને દલભાઈના પાત્રો વાર્તાને વધારે જીવંત - 'મોરનાં ઇંડાં ચીતરવા ન પડે' એ કહેવત બુધા અને મહીજીના પાત્ર દ્વારા અહીં ખરેખર સિદ્ધ થાય - શીર્ષક યથાર્થ જ છે.

**(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ-૧)**

IV 'ઢોરાં' લઘુકથા શી માર્મિકતા પ્રગટાવે છે?

ઉત્તર: ઈશ્વર પરમાર લિખિત 'ઢોરાં' લઘુકથા - વતનથી દૂર રહેતા સંતાનો એકલા રહેતી માતાની વેદનાને સમજી શકતા નથી - થોડામાં ઘણું એ લઘુકથાનો પ્રાણ - આધુનિકતાને રંગે રંગાયેલા સંતાનોએ માતાને શહેરમાં આવીને વસવાનું કહ્યું - રાજીમા પોતાના ઢોરો સાથે પ્રેમના બંધનમાં - ભોમકાને છોડીને શહેરમાં વસવું એ તેના માટે મુશ્કેલ - છોકરાઓને વતનમાં આંટો દેવા તેડાવાવું - વ્યસ્તતાને કારણે આવી શકતાં નથી - પૈસા મોકલીને પોતાની ફરજ પૂરી કરવી - ઢોરને વેચીને નિરાંતે રહેવાનુ કહ્યું - ઢોરને રાજીમા સાથે માયા - સંતાનોને મા પ્રત્યે ઢોર જેટલી પણ માયા નથી - અંતે ટપાલ લખાવવા ગયેલા રાજીમાએ પત્તું ફાડીને ફેંકી દીધું અને કહ્યું કે, 'ભઈ, હવે તો મારે છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરા.' ફરજ ચૂકેલા સંતાનોને અહીં માર્મિક ટકોર.

**(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ-૧)**

V. સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

ઉત્તર: સૉક્રેટિસ દુનિયાનો મહાન વિચારક - બહુ બુદ્ધિશાળી - લોકોને સદાચાર તરફ વળવા પ્રયાસ - લોકોને એની વાતોમાં રસ પડતો, મધમાખીઓની જેમ લોકો એની આસપાસ વીંટાળતા - સૉક્રેટિસ તેમને સાચો ધર્મ સમજાવતો. આચાર અને વિચારમાં તે પવિત્ર અને સદાચારી - તે એવું માનતો હતો કે 'પોતાની આવડત કેળવીને

પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ.' - એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ સૉક્રેટિસ ભળતો. તેમની સાથે ધર્મ, રૂઢિ, રીતરિવાજ વિશે ચર્ચા - સ્વતંત્ર અને ઊંડો વિચારક - પ્રામાણિકપણે જે સાચું લાગે તે કહેતો. તે હંમેશા નમ્રપણે કહેતો કે, 'હું અજ્ઞાની છું જ્ઞાન મેળવવા મથું છું. - યુવાવર્ગ સૉક્રેટિસ પર ખૂબ ખુશ - સૉક્રેટિસના વિચારોની એમના પર ખૂબ અસર - એથેન્સના રાજકર્તા ખૂબ અકળાયા. - સૉક્રેટિસ પર યુવાનોને ભડકવવાનો અને નગરદેવતાને ન માનવાનો આરોપ - તેના પર કેસ ચાલ્યો અને રાજદ્રોહના કાયદા હેઠળ સૉક્રેટિસને મોતની સજા. એથેન્સવાસીઓએ એક મહાન પુરુષને ઝેર આપીને દુનિયામાંથી વિદાય કર્યો.

**(વિષયવસ્તુ – ૨, જોડણી, ભાષાશુદ્ધિ-૧)**

**પ્રશ્ન-13. નીચેના સાહિત્યકારનો દસ-બાર વાક્યોમાં પરિચય કરાવો. (કોઈપણ એક) (1x4=4)**

1. ઉમાશંકર જોશી
2. કનૈયાલાલ મુનશી

**લેખક પરિચય :**
**પ્રસ્તાવના પ્રારંભિક પરિચય 1**
**શિક્ષણ – વિશિષ્ટ સિદ્ધિઓ 1**
**સાહિત્ય ક્ષેત્રે પ્રદાન 2**

**(Effective writing Skill)**

**પ્રશ્ન- 14. નીચે આપેલ વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. (કોઈપણ એક) (1x8=8)**

I. ગ્રીષ્મનો મધ્યાહ્ન :

મુદ્દા : પ્રાસ્તાવિક –ગ્રીષ્મના મધ્યાહ્નનું સૌંદર્ય – બપોરે વ્યાપેલી નિર્જનતા – પશુ-પક્ષી અને માનવ પર અસર - ગ્રીષ્મના મધ્યાહ્નનું અનેરું મહત્ત્વ – પ્રકૃતિની અનેરી શોભા - એક મહત્ત્વપૂર્ણ ઋતુ –ઉપસંહાર

II. માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા :

મુદ્દા : પ્રાસ્તાવિક – જીવનઘડતરમાં પરિશ્રમનું મૂલ્ય – લક્ષ્યપ્રાપ્તિ માટે પુરુષાર્થ – પ્રારબ્ધ અને પુરુષાર્થનું દ્વન્દ્વ – શ્રમની શ્રેષ્ઠતા – શ્રમનું મહત્ત્વ સમજનાર જ ભાગ્યવિધાતા – ઉપસંહાર

III. નારી તું નારાયણી:

મુદ્દા: પ્રાસ્તાવિક – નારીનો મહિમા – નારીની મહાનતાના ઉદાહરણો – પશ્ચિમની સંસ્કૃતિની અસર – નારી કુટુંબના કેન્દ્રસ્થાને - ફરજો - ઉપસંહાર

પ્રસ્તાવના – ૧

વિષયવસ્તુ – ૨

ભાષા અભિવ્યક્તિ – ૨

ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૨

ઉપસંહાર -૧

નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો...

વિષયની પસંદગી

શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ

કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો.

વિષયાંતર થયું છે કે નહિ

સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી

**પ્રશ્ન- 15. તમારી શાળામાં યોજાયેલા વૃક્ષારોપણદિનની ઉજવણીનો અહેવાલ આશરે સો શબ્દોમાં લખો.**

**(1x6=6)**

**અથવા**

**તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો:**

પ્રારંભ - ૧

વિષયવસ્તુ – ૩

ભાષા અભિવ્યક્તિ – ૧

ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૧

અહેવાલલેખન લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

અહેવાલના વિષયને સમજી કાચી રૂપરેખા બનાવો.

ઘટનાક્રમ જાળવો.

મહત્ત્વની બાબતો રહી ન જાય તેનું ધ્યાન રાખો.

કોઈપણ ઘટના કે હકીકત જેવી બની હોય એવી જ, જરાય અતિશયોક્તિ વિના લખવી.

અહેવાલમાં તારીખ, સમય, સ્થળ, વ્યક્તિ વિશેષ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ કરો.

ઘટનાના વણાંક કે તબક્કા મુજબ યોગ્ય ફકરા પાડો.

અહેવાલની ભાષા શુદ્ધ, સરળ અને આકર્ષક હોવી જોઈએ.

**પ્રશ્ન- 16. તમારા વિસ્તારમાં ઘણા વખતથી ચાલતા મેટ્રો ટ્રેનના કામને કારણે અનુભવવી પડતી મુશ્કેલીઓ અંગે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો. (1x6=6)**

**અથવા**

**વિદ્યાર્થીઓને પરીક્ષાના ભયમાંથી મુક્ત કરવા યોજાયેલા કાર્યશિબિર વિશે માહિતી આપીને તેને વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવા માટેની વિનંતી કરતો પત્ર વર્તમાનપત્રના તંત્રી(સંપાદક)ને લખો.**

સરનામું અને તારીખ- ૧

સંબોધન અને અભિવાદન – ૧

વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ – ૩

સમાપન અને લિખિતંગ – ૧

નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.

પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method)

નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.

પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી.

કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે

------------X---------